અમદાવાદ બીએસએનએલ ના પૂર્વ સબ ડિવિઝનલ એન્જિનિયર સ્વર્ણજીત સિંહ અને તેમના સહ-આરોપીઓ સામે ઈડી દ્વારા મની લોન્ડરિંગની તપાસ તેજ કરાઈ છે. ઈડીએ PMLA હેઠળ તાજેતરમાં રૂ. ૧.૫૦ કરોડની કિંમતની ૭ સ્થાવર મિલકતો અસ્થાયી રૂપે ટાંચમાં લીધી છે, આ કેસની શરૂઆત CBI-ACB, ચંદીગઢ દ્વારા નોંધાવેલી પ્રાથમિક માહિતી અહેવાલના આધારે થઈ હતી, જેના તાર મેળવીને ઈડીએ પીએમએલએ હેઠળ કાયદેસરની તપાસ હાથ ધરી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે સ્વર્ણજીત સિંહ અને અન્ય આરોપીઓએ બીએસએનએલ ના અત્યંત સંવેદનશીલ એવા શોર્ટ મેસેજ સર્વિસ સેન્ટરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અનધિકૃત અને ગેરકાયદેસર પ્રવેશ મેળવ્યો હતો. આરોપીઓએ નિર્ધારિત DLT પ્લેટફોર્મ અને સત્તાવાર બિલિંગ સિસ્ટમને બાયપાસ કરીને મોટા પાયે બલ્ક SMS ટ્રાફિક ડાયવર્ટ/રૂટ કર્યો હતો.આ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને આરોપીઓએ બીએસએનએલના SMSC સિક્યોર નેટવર્ક મારફતે આશરે ૬૩.૩૭ કરોડ જેટલા બલ્ક પુશ SMS ગેરકાયદેસર રીતે મોકલ્યા હતા. આ સમગ્ર કૌભાંડના કારણે સરકારી ટેલિકોમ કંપની BSNL ને અંદાજે રૂ. ૫.૪૨ કરોડનું આવકનું સીધું નુકસાન સહન કરવું પડ્યું હતું. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે આ ગુનાહિત પ્રવૃત્તિમાંથી આરોપીઓએ આશરે રૂ. ૬.૪૭ કરોડની ગેરકાયદે રકમ મેળવી હતી. ઈડીએ પીએમએલએ હેઠળ તાજેતરમાં રૂ. ૧.૫૦ કરોડની કિંમતની ૭ સ્થાવર મિલકતો અસ્થાયી રૂપે ટાંચમાં લીધી છે, જેમાં પંજાબના મોહાલી ખાતે આવેલી ખેતીની જમીન તથા ગુજરાતના વડોદરા ખાતેની રહેણાંક અને વાણિજ્યિક મિલકતોનો સમાવેશ થાય છે. આ કેસમાં અગાઉ ED દ્વારા રૂ. ૮૦ લાખની મિલકતો જપ્ત કરવામાં આવી હતી. આ નવી જપ્તી સાથે કેસમાં જપ્ત કરાયેલી કુલ મિલકતોનો આંકડો રૂ. ૨.૩૦ કરોડ સુધી પહોંચી ગયો છે.

વડોદરા : ડૉક્ટરોની રેગિંગની ફરિયાદને લઈ ડૉ. ચિરાગ બારોટની બદલી

। અમદાવાદ ।

વડોદરાની SSG હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજ ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન સાઈકાઈટ્રિક વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. ચિરાગ બારોટ વિરુદ્ધ ગંભીર ફરિયાદો ઊઠી હતી. જે બાદ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તેમની તાત્કાલિક અસરથી સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર ખાતે બદલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મેડિકલ કોલેજના આશરે ૧૮ જેટલા તબીબોએ આરોગ્ય મંત્રી સમક્ષ લેખિતમાં ગંભીર આક્ષેપો કર્યા હતા. રજૂઆતમાં જણાવ્યા મુજબ, ડૉ. બારોટ દ્વારા રેસિડેન્ટ ડૉક્ટરોની શારીરિક-માનસિક હેરાનગતિ, રેગિંગ, અભદ્ર મેસેજ મોકલવા, હોસ્ટેલના રૂમ નંબર પૂછવા, અશ્લીલ ટિપ્પણીઓ કરવી તથા કામકાજના સમય પછી પણ અયોગ્ય માગણીઓ કરવામાં આવતી હતી. આ ઉપરાંત ડૉક્ટરોને થીસિસ અને પરીક્ષામાં ફેલ કરવાની ધમકીઓ પણ આપવામાં આવતી હતી. આ ગંભીર રજૂઆતને ધ્યાને લઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ત્વરિત આકરાં પગલાં લીધાં હતાં.

ધોલેરાની જમીનના હિસાબમાં એક ભાગીદારે ઝઘડો કરીને બે ભાગીદારોને ફટકાર્યા

। અમદાવાદ ।

સાયન્સ સીટી રોડ પર હેઝલ નામની નવી રેસિડેન્સી બિલ્ડીંગની સાઈટ ઓફિસમાં બે ભાગીદારો વચ્ચે ધોલેરાની જમીનના હિસાબ મામલે બોલાચાલી થઇ હતી. જેમાં એક ભાગીદારે અન્ય બે ભાગીદારો સાથે ઝઘડો કરીને મારમાર્યો હતો. આ અંગે ભાગીદારે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં અન્ય ભાગીદાર વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથધરી છે.

ઘાટલોડીયામાં રહેતા મહેન્દ્રભાઈ પટેલ જમીન લે વેચનો બિઝનેસ કરે છે. તેઓ ગત.૨ સપ્ટેમ્બરે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ તેમના ભાગીદાર વસંતભાઈ, પ્રતિકભાઈ પટેલ, નિકિનભાઈ અમીન સાથે સાયન્સ સીટી રોડ પર હેઝલ એપાર્ટમેન્ટની સાઈટ ઓફિસ પર યતીન સાથે ધોલેરાની જમીનના રૂપિયાની લેતી દેતીના હિસાબ માટે ગયા હતા. જ્યાં ઓફિસમાં યતીન, પ્રિયંક, રોનક, રાજુભાઈ પટેલ સહિત પાંચ શખ્સો અગાઉથી ત્યાં હાજર હતા. મહેન્દ્રભાઈએ પ્રિયંતની ખંબર અંતર પૂછ્યા બાદ યતીનભાઈ ને ધોલેરાની જમીનનો હિસાબ કરવા કહ્યુ હતુ. જેના પગલે યતીન પટેલ ઉશ્કેરાઈ જઈને મહેન્દ્રભાઈને મારમાર્યો હતો. જેમાં મહેન્દ્રભાઈને મોઢા પર ઈજાઓ પણ પહોંચી હતી. નિકીન અમીન વચ્ચે પડતાં યતીને તેની સાથે પણ મારામારી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે મહેન્દ્ર પટેલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં યતીન પટેલ વિરૂદ્ધમાં મારામારીની ફરિયાદ નોંધાવી છે.

SABARKANTHA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD.
Sabar Dairy, Himatnagar, Sub Post - Boria, Himatnagar - 383006

Tender Notice

All interested parties registered on NCDFI eMarket are invited to submit their quotes through etendering process for the following:

Container Based Amul Parlour Estimated BOQ-Khedbrahma parlour Container with interiors works At (Size 24 x 10 x 8.5 feet)	Qty-1	Tender Fee Rs.500/- (Non Refundable)	Last Date 14/09/2026 at 16.00 Hrs.
SSHE 2000 KG FOR SHRIKHAND	Qty-1	Tender Fee Rs.500/- (Non Refundable)	

Tenderers must submit tender Fees into their own "Sabarkantha District Cooperetive Milk Producers' Union Limited". along with quotes & supporting documents online on the NCDFI eMarket Portal, and provide hard copies to Sabar Dairy's Purchase Department with the DD of Tender Fee amount. The Union reserves the right to accept or reject any tender without reason. For details, visit www.ncdfiemarket.com and www.sabardairy.org. Kindly contact below for registration and any query at NCDFI eMarket.

Managing Director

SBI ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી બ્રાંચ - ૦૫૧૮૧, ચોથો માળ, લેફ્ટ વિંગ, ઓલ્ડ એસબીઆઈ એલએચઓ બિલ્ડીંગ, ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧,
ઈમેલ : sbi.05181@sbi.co.in

(નિયમ ૮(૧)) કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનારા **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**, ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા, ચોથો માળ, લેફ્ટ વિંગ, ઓલ્ડ એસબીઆઈ એલએચઓ બિલ્ડીંગ, ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧, ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનારે સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચેલા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને **૦૫.૦૬.૨૦૨૫**ના રોજ એક ડિમાન્ડ નોટિસ જારી કરી, જેમાં મિલકતના દેવાદાર **શ્રી હરેન્દ્રનાથ જીવણલાલ દલવાડી, શ્રી પાર્થ હરેન્દ્રનાથ દલવાડી, અને શ્રી મેહુલ હરેન્દ્રનાથ દલવાડી (દેવાદાર અને સહ-દેવાદાર)** ને કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલી ૦૫.૦૬.૨૦૨૫ ના રોજની માંગણી નોટીસમાં ઉલ્લેખિત રકમ **રૂા. ૧,૦૫,૦૫,૫૬૫.૫૪ (રૂપિયા એક કરોડ પાંચ લાખ પાંચ હજાર પાંચસો પાંસઠ અને પૈસા ચોપન માત્ર) ૦૪-૦૬-૨૦૨૫ ના અંત સુધીમા** કરારના દરે વ્યાજ, આકસ્મિક ખર્ચ, કોસ્ટ, ચાર્જ વગેરે સહિત ઉપરોક્ત ડિમાન્ડ નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવા જણાવેલ હતું. દેવાદાર/ભાગીદારો/જામીનદારો આ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી આ નોટિસ દ્વારા તેઓને અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** તેમને પ્રાપ્ત કાયદાની અધિનિયમ કલમ ૧૩(૪) અને તેની સાથે કથિત નિયમોના નિયમ ૪ અને નિયમ ૮ ને વાંચતા મળતા અધિકારો અંતર્ગત **તારીખ ૩૦, ઓગસ્ટ ૨૦૨૬ના રોજ** મેળવી લીધો છે.

ખાસ કરીને દેવાદાર/સહ-દેવાદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકત બાબતે કોઇ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને જો કોઇ વ્યવહાર કરવામાં આવશે તો **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા** ની બાકી નીકળતી રકમ **રૂા. ૧,૦૫,૦૫,૫૬૫.૫૪ (રૂપિયા એક કરોડ પાંચ લાખ પાંચ હજાર પાંચસો પાંસઠ અને પૈસા ચોપન માત્ર) ૦૪-૦૬-૨૦૨૫ ના અંત સુધીમાં, ૦૫.૦૬.૨૦૨૫ થી** ચુકવણીની તારીખ સુધીના કરાર દરે તેના પરના વધુ વ્યાજ સાથે, આકસ્મિક ખર્ચ, ખર્ચ, શુલ્ક, વગેરે બોજાને આધીન રહેશે.

"દેવાદારનું ધ્યાન દોરવાનું કે એક્ટની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઇ અનુસાર તેમની પાસે રહેલા સમયગાળામાં રકમની ચૂકવણી કરીને પોતાની મિલકત છોડાવી શકે છે."

સ્થાવર મિલકતનું વર્ણન
શ્રી હરેન્દ્રનાથ જીવણલાલ દલવાડીની મિલકત

અમદાવાદના સેટેલાઇટ સ્થિત વર્ધમાન હિલ્સ ખાતે આવેલા ૨૩૦ ચોરસ મીટર (સુપર બિલ્ટ-અપ એરિયા) અથવા તેની આસપાસના ફ્રીહોલ્ડ બિન-ખેતી જમીનના ટુકડા પર પ્રથમ માળે ફ્લેટ નં. ૧૦૨, મૌજે વેજલપુરના જૂના સર્વે નં. ૧૧૬૨ પૈકી અને નવા સર્વે નં. ૪૭૦ પૈકીનો ભાગ બને છે અને ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૬ ના ફાઇનલ પ્લોટ નં. ૪૪/૨ ના સબ-પ્લોટ નં. ૧૩ ધરાવે છે, જે ૭૮૫ ચોરસ મીટર અથવા તેની આસપાસના વિસ્તાર સાથે મળીને ફાઇનલ પ્લોટ નં. ૪૪/૨ ના સબ પ્લોટ નં. ૧૩ માંથી ૧/૧૯મા એટલે કે ૧૫ ચોરસ મીટર અવિભાજિત હિસ્સા સાથે જમીનમાં ૧.૮૮ ચોરસ મીટર અવિભાજિત હિસ્સા સાથે આવેલો છે. અમદાવાદ જિલ્લા અને અમદાવાદ-૪ (પાલડી) ના પેટા જિલ્લાના રજિસ્ટ્રેશનમાં વેજલપુર તાલુકાના મૌજે જોધપુરના ફાઇનલ પ્લોટ નંબર ૪૪/૨ ના સબ પ્લોટ નં. ૨૦ખાતે

તારીખ : ૩૦/૦૮/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણવામાં આવશે.

અધિકૃત અધિકારી
ભારતીય સ્ટેટ બેંક

તા.૭ સપ્ટેમ્બરથી પોર્ટલ ખુલશે, ૧૧મી સુધી પ્રવેશ પ્રક્રિયા

ગુજરાત યુનિ.ની ખાલી રહેલી બેઠકો પર મોપ-અપ રાઉન્ડથી પ્રવેશ અપાશે

સ્નાતક-અનુસ્નાતકમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને વધુ એક તક અપાઈ

। અમદાવાદ ।

ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન કોલેજો તથા યુનિવર્સિટી ભવનોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશની વધુ એક તક અપાઈ છે. જેમાં ગુજરાત કોમન એડમિશન સર્વિસીસના પરિપત્રને અનુસરી ગુજરાત યુનિવર્સિટી એડમિશન સેલ દ્વારા કોલેજ અને વિભાગીય કક્ષાએ 'મોપ-અપ રાઉન્ડ' યોજવાની જાહેરાત કરાઈ છે. પ્રવેશ કાર્યવાહી તા.૧૧ સપ્ટેમ્બર, સાંજે ૫ વાગ્યા સુધીમાં પૂર્ણ કરાશે.

'મોપ-અપ રાઉન્ડ' માટે જીકાસ પોર્ટલ તા.૭ સપ્ટેમ્બરથી ફરી શરૂ કરાશે. જે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી પોર્ટલ પર નોંધણી કરી નથી અથવા કોઈ કારણસર અરજી પૂર્ણ કરી શક્યા નથી, તેઓ નવી નોંધણી કરીને પોતાની વિગતો ભરી શકશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરી ઓનલાઈન અરજી કરી શકશે. અગાઉથી નોંધણી કરાવી ચૂકેલા વિદ્યાર્થીઓ પણ પોર્ટલ પર પ્રવેશ કરીને પોતાની અરજીમાં સુધારો કરી શકશે. તેઓ પસંદગીની કોલેજ, યુનિવર્સિટી, અભ્યાસક્રમ અથવા મુખ્ય વિષય અંગેનો પ્રેફરન્સ બદલી શકશે.

નિયમિત પ્રવેશ રાઉન્ડ તથા ખાલી બેઠકો માટેનો રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ કેટલીક કોલેજોમાં બેઠકો ખાલી રહી છે. વિદ્યાર્થીઓ, વાલીઓ, યુનિવર્સિટીઓ તથા વિદ્યાર્થી સંગઠનો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાનમાં રાખીને પાત્ર વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહેવું પડે તે માટે મોપ-અપ રાઉન્ડ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોલેજવાર ખાલી બેઠકો સામે વિદ્યાર્થીઓ પોતાની પાત્રતા અને મેરિટના આધારે પ્રવેશ માટે અરજી કરી શકશે.

તંત્ર ઊંઘતું ઝડપાયું, હોર્ડિંગ્સને લઈ રહીશોમાં રોષ

ખાડિયામાં નિયમો નેવે મૂકીને મકાનો પર હોર્ડિંગ્સ લગાવ્યા

૮ બાય ૮ના બોર્ડ લગાવવા મંજૂરી : ડે. મ્યુનિ. કમિશનર

। અમદાવાદ ।

શહેરના ખાડિયા વિસ્તારની પોળોમાં ભયજનક મકાનો ઉપર નિયમને નેવે મૂકીને જાહેરાતના હોર્ડિંગ્સ મુકી દેવાનો રોષ સ્થાનિક રહિશોમાં જોવા મળી રહ્યો છે. અમદાવાદના ખાડિયા વોર્ડમાં આવેલી જુદી જુદી પોળના નાકા ઉપર તેમજ વિવિધ પોળોમાં રોડ ઉપર આવેલા ભયજનક મકાનોમાં નિયમો નેવે મુકી દેશની ટોચના એક ગ્રુપની પ્રોડક્ટસને પ્રમોટ કરતા મોટા હોર્ડિંગ્સ લગાવી દેવામાં આવતા પોળોના સ્થાનિક રહીશોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારી સામે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. જયારે મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે આ વિવાદને લઈ પ્રતિક્રિયા આપતા કહ્યું, આ એજન્સીને માત્ર ૮ બાય ૮ના બોર્ડ લગાવવા જ મંજૂરી અપાઈ છે. બાકીના લગાવવામાં આવેલા તમામ હોર્ડિંગ્સ ગેરકાયદે લગાવવામાં આવ્યા હોવાથી ઉતારી લેવાશે. ખાડિયા વોર્ડમાં આવેલી મોટી અને નાની હીંગળોક જોષીની પોળ, સાંઈબાબા મંદિર પાસે આપણું શહેર, આપણી જવાબદારીના સ્લોગન સાથે જાહેરખબર પ્રદર્શિત કરતા બે મોટા હોર્ડિંગ્સ મુખ્ય રસ્તા ઉપરના વર્ષો જૂના અને ભયજનક મકાનની ઉપર લગાવી દેવાતા ગમે તે સમયે વાંદરા કૂદવાના કારણે અથવા તો ભારે પવનમાં આ હોર્ડિંગ્સ તૂટી પડે તો મોટી દુર્ઘટના થવાની સંભાવનાના કારણે પોળવાસીઓમાં કોર્પોરેશનની બેદરકારી સામે રોષ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત, દેસાઈની પોળ, મહાલક્ષ્મીની પોળ સહિતની અન્ય પોળોમાં પણ આ પ્રકારે જાહેરાત પ્રદર્શિત કરતા હોર્ડિંગ્સ લગાવી દેવામાં આવતા લોકોએ કોર્પોરેશનના અધિકારીઓ સાથે સ્થાનિક કોર્પોરેટરોની બેદરકારીને કારણે હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે.

મોટા નફાની લાલચમાં સાંચોરના વેપારીએ ૪૭.૭૮ લાખ ગુમાવ્યા

। અમદાવાદ ।

સાંચોરના જાખલ ગામના ૩૬ વર્ષીય જગદીશ ભિખોઈ પ્રાઈવેટ હોસ્પિટલમાં મેડિકલ સ્ટોર ચલાવે છે. તેમને ક્રિપ્ટો કરન્સીમાં મોટો નફો અપાવવાની વાત કરી રૂ.૪૭.૭૮ લાખ આંગડિયા મારફતે મંગાવ્યા બાદ યુએસડીટી નહીં આપતાં ઈ સનપુરના શખ્સ સહિત ત્રણ સામે EOWમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે સચીન જોષી, અક્ષય જોષી અને મેહુલ પારેખ સામે ગુનો દાખલ કર્યો છે.

GMDC ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)

CIN : L14100GJ1963SGC001206
નોંધાયેલ કચેરી: ખનીજ ભવન, ૧૩૨ ફિટ રિંગ રોડ, યુનિવર્સિટી ગ્રાઉન્ડની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૫૨
ફોન: (૦૭૯) ૨૭૯૧૩૨૦૦/૨૭૦૧૩૫૦૧, **ફેક્સ :** (૦૭૯) ૨૭૯૧૦૯૬૯ / ૨૭૯૧૧૪૫૪ **ઇમેઇલ:** cs.co@gmdcltd.com **વેબસાઇટ:** gmdcltd.com

૬૩ મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ, રેકોર્ડ ડેટ અને ઈ વોટિંગ ની માહિતી

આથી નોટિસ આપવા માં આવે છે કે કંપની ના સભાસદો ની ૬૩મી વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર, તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વિડિઓ કોન્ફેરેન્સિંગ / અન્ય દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા નોટિસ માં દર્શાવેલ વ્યવહારો ના કામકાજ માટે મળનાર છે.

કંપની ધારા, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવેલ નિયમોની જોગવાઈઓ તેમજ કોર્પોરેટ કાર્ય મંત્રાલય ના વખતો વખત જારી કરવા માં આવેલ પરિપત્રો અને ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ દ્વારા જારી કરવા માં આવેલ પરિપત્રો ની જોગવાઈઓ મુજબ કંપનીઓ તેમની વાર્ષિક સામાન્ય સભા વીસી / ઓવીએએમ માધ્યમ થી કરી શકે છે જેમાં સભ્યો ની સ્થળ પર હાજરી ની જરૂરિયાત રહેતી નથી. તે મુજબ, કાયદા ની જોગવાઈઓ, મંત્રાલય ના પરિપત્રો અને સેબી લિસ્ટિંગ નિયમો ની જોગવાઈઓ મુજબ આ વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવા માં આવેલ છે.

એમસીએ અને સેબી ના ઉપર જણાવેલ પરિપત્રો ને ધ્યાને લઈને સભા ની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ નો વાર્ષિક એહવાલ જે શેરધારકો ના ઈ મેઈલ કંપની જોડે કે ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ જોડે નોંધાયેલ છે તેઓ ને ઈ મેઈલ થી મોકલી આપવા માં આવેલ છે. સદર દસ્તાવેજો કંપની ની વેબસાઈ www.gmdcltd.com પર પણ ઉપલબ્ધ છે.

વધુમાં કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૯૧ તેમજ તે અંતર્ગત બનાવેલ નિયમો ની જોગવાઈઓ અનુસાર આથી નોટિસ આપવામાં આવે છે કે કંપની ના વાર્ષિક ડિવિડન્ડ ના ચુકવણા ના હેતુસર રેકોર્ડ ડેટ તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૬ નિયત કરવા માં આવેલ છે.

વધુમાં આથી સૂચિત કરવા માં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૧૦૮ તેમજ તેના અંતર્ગત બનેલ નિયમો અને લિસ્ટિંગ નિયમો ના નિયમ ૪૪ ની જોગવાઈઓ મુજબ, કંપની તેના સભાસદો ને રિમોટ ઈ વોટિંગ ની સવલત આપી રહેલ છે. જે શેર ધારકો કટ ઓફ તા. ૨૩ મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ફિઝિકલ કે ડિમેટ શેર ધરાવતા હશે તેઓ પોતાનો મત ઈલેક્ટ્રોનિક માધ્યમ થી ૬૩મી વાર્ષિક સામાન્ય સભા ની નોટિસ માં દર્શાવેલ કામકાજ પર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ ના ઈ વોટિંગ માધ્યમ થી મત આપી શકશે. યોગ્ય અને પારદર્શક રીતે ઈ વોટિંગ પ્રક્રિયા ની ચકાસણી ના હેતુસર કંપની એ મે. મનોજ હુરકત અને એસો. ની ઈ વોટિંગ સ્ક્રૂટિનાઈઝર તરીકે નિમણુંક કરી છે. ઈ વોટિંગ સંદર્ભ ની વિસ્તારપૂર્વક ની પ્રક્રિયા / સૂચનાઓ નોટિસ માં સામેલ છે. જો કોઈ વ્યક્તિ, નોટિસ ની રવાનગી બાદ અને કટ ઓફ તારીખ ની વચ્ચે કંપની નું સભ્યપદ મેળવે તો તેને પોતાના લોગ ઈન આઈ ડી તેમજ પાસવર્ડ મેળવવા helpdesk.evotingcdslindia.com પર પોતાની અરજી મોકલવાની રહેશે. જો કોઈ સભાસદ સી ડી એસ એલ ના ઈ વોટિંગ સેવા માં અગાઉથી નોંધણી ધરાવતા હોય તો તેઓ પોતાના હાલના યુઝર આઈ ડી તથા પાસવર્ડનો ઉપયોગ કરી રિમોટ ઈ વોટિંગ દ્વારા પોતાનો મત આપી શકશે.

ઈ વોટિંગ નો સમય (રિમોટ વોટિંગ) તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સવારે ૯.૦૦ કલાકે શરુ થઇ ને તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે પૂર્ણ થશે. આ સમય દરમિયાન, જે શેરધારકો કટ ઓફ તારીખ ના રોજ શેર ધરાવતા હશે તેઓ મત આપી શકશે. ત્યારબાદ, સી ડી એસ એલ દ્વારા મત માટે ની આ ઈ વોટિંગ વ્યવસ્થા બંધ કરી દેવા માં આવશે.

૬૩ મી વાર્ષિક સામાન્ય સભાના દરમ્યાન ઈ વોટિંગ દ્વારા મત આપવા ની વ્યવસ્થા પણ આપવા માં આવશે. જે સભાસદો આ સભા માં ઓનલાઈન જોડાશે અને જેઓ એ રિમોટ ઈ વોટિંગ થી મત નહિ આપ્યો હોય તેઓ જ પોતાનો મતાધિકાર વાપરી શકશે. રિમોટ ઈ વોટિંગ ની વિગતો માટે નોટિસ જોવાની રહેશે. ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મત આપવા વિષે જો કોઈ પ્રશ્ન હોય તો વારંવાર પુછાતા પ્રશ્નો અને ઈ વોટિંગ ના વપરાશ સુચનાસંગ્રહ જે સી ડી એસ એલ ની વેબસાઈટ પર હેલ્પ સેક્શન માં ઉપલબ્ધ છે, તે જોવાના રહેશે અથવા તો ટોલ ફ્રી નં ૧૮૦૦-૨૧૦-૯૯૧૧ પર સંપર્ક કરવા નો રેહેશે. ઈલેક્ટ્રોનિક માધ્યમ થી મત આપવા બાબતે જો કોઈ ફરિયાદ હોય તો મેનેજર, સીડીએસલ, ૧૭મો માળ, પી જે ટાવર્સ, ફોર્ટ મુંબઈ નો સંપર્ક સાધવા વિનંતી છે. ઈમેઈલ : helpdesk.evotingcdslindia.com ટોલ ફ્રી નં ૧૮૦૦-૨૧૦-૯૯૧૧.

ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ વતી
તા. ૦૫/૦૯/૨૦૨૬ **જોએલ ઇવાન્સ**
સ્થળ : અમદાવાદ **કંપની સચિવ**

CISF અને ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયા વચ્ચે એમઓયુ થયા

અમદાવાદ એરપોર્ટ પર હવે એન્ટી ડ્રોન સિસ્ટમ,હવાઈસુરક્ષાનેઅભેદ્યબનાવાશે

બેહરોરમાં ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ્સ માટે સેન્ટર ઓફ એક્સલન્સ બનશે

। અમદાવાદ ।

એરપોર્ટ સહિતના દેશના મહત્વના અને સંવેદનશીલ સ્થાપનો સામે ઊભા થઈ રહેલા નવા હવાઈ જોખમોનો સામનો કરવા કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ CISF દ્વારા ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયા DFI સાથે મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. ગત તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થયેલા આ કરારથી ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન ક્ષેત્રે CISFની કામગીરીની તૈયારી અને ક્ષમતાને વધુ મજબૂત બનાવાશે. આ સમજૂતી કરાર પર CISF તરફથી ડીઆઈજી ડૉ. સી.ડી. નાઈક અને ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સ્મિત શાહે હસ્તાક્ષર કર્યા હતા. આ સહયોગ હેઠળ બેહરોર સ્થિત રિક્રૂટ ટ્રેનિંગ સેન્ટરને ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ્સ માટે સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવામાં આવશે. અહીં ડ્રોન સંબંધિત સુરક્ષા ક્ષમતાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરાશે. સીઆઈએસએફ દ્વારા ડ્રોન સંબંધિત પરિસ્થિતિઓનો સામનો કરવા તૈયાર કરાશે. ઉપરાંત સીઆઈએસએફ અને ડીએફઆઈ દ્વારા સંયુક્ત કવાયત યોજવામાં આવશે, જેથી ડ્રોનથી ઊભા થતા હવાઈ પડકારાનો મજબૂતીથી સામનો કરી શકાશે.

પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય નં. 1
શાહિબાગ, અમદાવાદ

વોક-ઇન ઇન્ટરવ્યૂ સૂચના
(સત્ર – 2026-27)

શૈક્ષણિક સત્ર 2026–27 માટે અંશકાલીન કરાર આધારિત શિક્ષકો/કોચની પેનલ તૈયાર કરવા માટે લાયક ઉમેદવારો પાસેથી વોક-ઇન ઇન્ટરવ્યૂ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.
ઇન્ટરવ્યૂની તારીખ: 10.09.2026 (ગુરુવાર)
ઇન્ટરવ્યૂ સમયપત્રક

શ્રેણી	પદ	રિપોર્ટિંગ સમય	ઇન્ટરવ્યૂ સમય
PGT	જીવવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, ગણિત અને ભૌતિકશાસ્ત્ર	સવારે 08:00 વાગ્યે	સવારે 09:00 થી બપોરે 02:00 વાગ્યા સુધી
TGT	અંગ્રેજી, હિન્દી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન	સવારે 08:00 વાગ્યે	સવારે 09:00 થી બપોરે 02:00 વાગ્યા સુધી
અન્ય	પ્રાથમિક શિક્ષક, સલાહકાર, વ્યાવસાયિક શિક્ષક સ્વ-બચાવ પ્રશિક્ષક	સવારે 08:00 વાગ્યે	સવારે 09:00 થી બપોરે 02:00 વાગ્યા સુધી

નોંધ: પદવાર લાયકાત, માનદ વેતન, ઇન્ટરવ્યૂની વિગત, અરજી ફોર્મ તેમજ અન્ય નિયમો અને શરતો માટે કૃપા કરીને વિદ્યાલયની વેબસાઇટ જુઓ.વેબસાઇટ: https://mrcahmedabad.kvs.ac.in
ઇન્ટરવ્યૂમાં હાજર રહેવા માટે કૃપા કરીને નીચેની લિંક પર ઓનલાઇન નોંધણી કરો: https://samvida-sathi.kvs.gov.in/register

સહી/-
પ્રાચાર્ય

પશ્ચિમ રેલવે
ગૂડ્સ શેડ ખાતે સીસીટીવી કેમેરાની જોગવાઈ

સિ. ડીસીએમ/બીસીટી, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ – ૪૦૦૦૦૮ આમંત્રિત કરે છે ઈ-ટેન્ડર નં. : MMCT-COMML-GOODS-2026, કામનું નામ : મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલવે પરના ૧૧ ગૂડ્સ શેડ ખાતે સીસીટીવી કેમેરાની જોગવાઈ. ૧૧ ગૂડ્સ શેડના સ્થાન (આમલનેર, દોંડૈચા, નંદુરબાર, બારડોલી, ચલથાણ, વલસાડ, કરામ્બેલી, દહાણુ રોડ, બોઈસર, બોઈસર ન્યૂ ગૂડ્સ શેડ અને જોગેશ્વરી એટી મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલવે. જાહેરાત કરેલ મૂલ્ય : રૂ. ૩,૨૩,૮૦,૪૪૭.૩૭/- ઈએમડી : રૂ. ૬,૪૭,૬૦૦/- બિડિંગ પ્રારંભ તારીખ : ૧૦.૦૯.૨૦૨૬, ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : ૨૪.૦૯.૨૦૨૬ ના રોજ ૧૫.૦૦ કલાક સુધી. વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0552

અમને લાઇક કરો : facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ
OHE ફેરફાર

ભારતના રાષ્ટ્રપતિના વતી નીચેના કામો માટે મંડળ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦૦૦૪ દ્વારા ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડરનંબર:EL-TRD-Tender-25-26-39-3 તારીખ: 31/08/2026 કામનું નામ:** વડોદરાના ગેરતપુર સેક્શનમાં બ્રિજના પુનઃનિર્માણ, આણંદના પ્લેટફોર્મ ૬ પર બેલાસ્ટ લેસ ટ્રેકની જોગવાઈ અને આણંદ ખાતે પ્લેટફોર્મ નં. ૧ ના વિસ્તરણના સંબંધમાં OHE ફેરફાર અને અન્ય સંલગ્ન કામગીરી. **કામની અંદાજિત કિંમત:** ₹૫૩,૪૦,૬૦૯.૦૦/- **બિડ સિક્યુરિટી:** ₹૧,૦૬,૮૦૦.૦૦/- **ટેન્ડર દસ્તાવેજની કિંમત અને કામ પૂર્ણ કરવાની અવધિ:** કામ પૂર્ણ કરવાની અવધિ ૧૮ મહિના **ટેન્ડરની નિર્ધારિત તારીખ:** ટેન્ડર બંધ થવાની તારીખ ૦૬/૧૦/૨૦૨૬ બંધ થવાનો સમય તે જ દિવસે ૧૫:૦૦ કલાકે **વેબ પેજની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે તથા કચેરીનું સરનામું અને સ્પષ્ટતા માટે: www.ireps.gov.in** મંડળ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦૦૦૪. BRC-221

અમને ફોલો કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ
સિગ્નલિંગ કામો તથા ટ્રેક પર લગાવવામાં આવેલા ઉપકરણો વગેરેની જાળવણી

વરિષ્ઠ મંડળ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન ઇજનેર/વડોદરા, ભારતના રાષ્ટ્રપતિ વતી **ટેન્ડર નં. SandT_BRC_26-27_21_SIG** હેઠળ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બોલીદાતાઓ પોતાની મૂળ/સુધારેલી બિડ માત્ર નિર્ધારિત અંતિમ તારીખ અને સમય સુધી જ રજૂ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર માન્ય નથી અને પ્રાપ્ત થયેલી આવી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **ટેન્ડર સૂચના નં.: S&T/BRC/26-27/21/SIG તારીખ: 02.09.2026 કાર્યનું નામ અને તેનું સ્થળ:** "ડીઈએન પૂર્વ બીઆરસી ના અધિકારક્ષેત્ર હેઠળ વડોદરા - ગોધરા ટીએસઆર(પી) - ૨૪.૨૯૦ કિમી અપ લાઈન" ના એન્જિનિયરિંગ કાર્યના સંબંધમાં સિગ્નલિંગ કાર્ય અને ટ્રેક માઉન્ટેડ સાધનો વગેરેની જાળવણી. **કામની અંદાજિત કિંમત:** ₹૭૨,૩૭,૩૫૪.૯૦ **જમા કરવાની બયાના રકમ:** ₹૧,૪૪,૮૦૦.૦૦ **ઈ-ટેન્ડર રજૂ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૩.૦૯.૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે અને ૨૩.૦૯.૨૦૨૬ના રોજ ૧૫:૩૦ કલાકે. **વેબસાઈટ તથા જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય તે સ્થળ: http://www.ireps.gov.in** વરિષ્ઠ મંડળ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન ઇજનેર, બીજો માળ – એનેક્સ બિલ્ડિંગ, મંડળ રેલવે મેનેજર (DRM) કાર્યાલય, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦ ૦૦૪. BRC-223

અમને ફોલો કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ
વિવિધ બદલાવના કામો

ભારતના રાષ્ટ્રપતિ વતી, નાયબ મુખ્ય ઈજનેર (બ્રિજ-લાઈન), વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા–૩૯૦૦૦૪ દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે: **ટેન્ડરનંબર: DYCE-BR-BRC-16-2026-27 કાર્યનું નામ:** રતલામ મંડળ:- એસએસઈ/બ્રિજ/રતલામના અધિકારક્ષેત્રમાં રતલામ (RTM) - નાગદા (NAD) સેક્શનના બ્રિજ નંબર ૩૧૭ અપ/ડાઉન પર ખાડાવાળી અને કાણાંવાળી ટોપ કવર પ્લેટો, બ્રેસિંગ એંગલો અને ખરાબ રિવેટો બદલવાનું કાર્ય. **કામની અંદાજિત કિંમત:** ₹૪,૮૫,૮૨,૯૯૧.૬૩ **જમા કરવાની બિડ સિક્યુરિટી:** ₹૯,૭૧,૭૦૦.૦૦ **ઈ-ટેન્ડર સબમિટ કરવાની તથા ખોલવાની તારીખ અને સમય:** ઓનલાઈન ટેન્ડર ૩૦.૦૯.૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાક પહેલાં સબમિટ કરવાનું રહેશે અને તે જ દિવસે ૧૫:૩૦ કલાકે ખોલવામાં આવશે. **વેબસાઈટની વિગતો તથા સંપૂર્ણ વિગતો જોઈ શકાય તે સ્થળ વગેરે: વેબસાઈટ: www.ireps.gov.in** નાયબ મુખ્ય ઈજનેર (બ્રિજ લાઈન), વડોદરા પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા–4 BRC-225

અમને ફોલો કરો: facebook.com/WesternRly

પેલેડિયમ મોલના શોરૂમમાંથી રૂ. ૫.૯૦ લાખના દાગીના ચોર્યા

। અમદાવાદ ।

પેલેડિયમ મોલમાં ઓરા ફાઈન જ્વેલરી શોરૂમમાં સ્ટોર મેનેજરે ગત.૧૭ ઓગસ્ટની રાત્રે શોરૂમ બંધ કર્યા બાદ બીજા દિવસે સ્ટોકની ગણતરી કરતા સોનાની ડાયમંડવાળી બંગડી, સોનાની ચેઈન, મંગળસૂત્ર ગાયબ હતા. સ્ટોરમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરતા દર્શન સોનીએ રાત્રે શોરૂમ બંધ થયા બાદ સાથી કર્મચારી મોહમદશકલેન શેખને ફોન કરીને મારૂ બેગ સ્ટોરમાં રહી ગયુ છે તેમ કહીને તેણે ચાવી મેળવી શોરૂમ ખોલીને ૫.૯૦ લાખના દાગીના ચોરી કરીને માણેકચોકની ભકિત ટચ નામની દુકાનમાં વેચી દિધા હતા. મેનેજરેવસ્ત્રાપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા દર્શન સોનીની ધરપકડ કરી હતી.

ધી કલ્યાણ કો-ઓપરેટીવ બેંક લી.
જગજીવન ભવન, રેલવે સ્ટેશન પૂર્વે, કલોલ (ઉ.ગુ.)

બેંકની વાર્ષિક સાધારણ સભાની નોટિસ

આ બેંકની વાર્ષિક સાધારણ સભા તા.૨૭/૦૯/૨૦૨૬ને રવિવારના રોજ બપોરના ત્રણ કલાકે બેંકના કલોલ ખાતેના મકાનમાં આવેલ સ્વ.શ્રી ડાહ્યાભાઈ રામજીભાઈ પરમાર મેમોરીયલ હોલ ખાતે મળશે. જેમાં ગત વર્ષના કામકાજનું નિવેદન, વાર્ષિક હિસાબો, નફાની ફાળવણી, ઓડીટ–રીપોર્ટ તેમજ અન્ય કામો જે એજન્ડામાં મૂકેલ છે. તેની સર્વ વિગત બેંકની ઓફીસના નોટિસ બોર્ડ ઉપર મૂકેલ છે, તેની સર્વે સભાસદશ્રીઓએ નોંધ લઈ સભામાં હાજરી આપવા નમ્ર વિનંતી છે.

તા.૦૫/૦૯/૨૦૨૬

આપનો વિશ્વાસુ
ચંદુલાલ એમ. રાઠોડ, મેનેજર
વ્યવ.બોર્ડના હુકમથી,

નમ્ર વિનંતી : બેંકના જે સભાસદશ્રીઓને બેંકના વાર્ષિક અહેવાલની નકલ ન મળી હોય તો બેંકની ઓફીસેથી મેળવી લેવા સહકાર આપવા નમ્ર વિનંતી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
ટેન્ડર નોટિસ (૨૦૨૬-૨૦૨૭)

અ.નં.	ખાતું	ટેન્ડર નંબર	ટેન્ડરની વિગત / ટેન્ડર વેબસાઇટ
1	CATTLE NUISANCE CONTROL DEPARTMENT	E-Tender Notice No. 53/2026-27/ CNCD/AMC	CNCD Dept. of AMC invite bid from the reputed consultants/ companies/firms having the required qualifications mentioned in the bid document for "Selection of Consultant for Providing Handholding and Technical Support to the Cattle Nuisance Control Department (CNCD) of Ahmedabad Municipal Corporation". Interested bidders / organization are here by informed to visit the website. www.ahmedabadcity.gov.in & https://tender.nprocure.com follow the instructions given, Complete the procedure & submit bid documents in time limit as shown in tender.
2	CATTLE NUISANCE CONTROL DEPARTMENT	શોર્ટ ઈ–ટેન્ડર નોટિસ નં. 49 થી 52/2026-27/CNCD/AMC	"સી.એન.સી.ડી. ખાતામાં રખડતા પશુઓને પકડવા તથા પશુવિષયક દક્ષિણ ઝોનમાં કામગીરી માટે મજુરો આઉટસોર્સ કોન્ટ્રાકટથી પુરા પાડવા જેવી વિવિધ કામગીરીઓ, લાંભા ડોગ શેલ્ટરમાં કેનાલ્સ પુરા પાડવાની કામગીરી, અમદાવાદ પશ્ચિમ તથા પૂર્વ વિસ્તારમાં એબીસી સેન્ટર ખાતે એનીમલ ક્રિમેટર મશીન્સના જાણકાર નિષ્ણાંત એજન્સી/સંસ્થા/કંપની પાસેથી ખરીદ કરવા માટે" માં રસ ધરાવતી પાર્ટીઓ / એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. જે માટે ટેન્ડર વેબસાઈટ https://tender.nprocure.com, તથા www.ahmedabadcity.gov.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરી તેમાં જણાવેલ પ્રક્રિયા સમયમાર્યાદામાં અનુસરવાની રહેશે.

DATE.04/09/2026

જાહેર નિવિદા નં.૧૮/૨૦૨૬-૨૭

સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર, સેક્ટર-૧૩/બી, ઈ.વી.એમ. ઓફિસની બાજુમાં, પી.આઇ.યુ. શાખા, ૩જો માળ, ગાંધીનગરની કચેરીએથી નીચે મુજબના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ક્રમ નં.	કામનું નામ	ટેન્ડરની અંદાજીત રકમ રૂા.	ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ
૧.	Constrction of Nagarpalika Library at Bagasara, Dist : Amreli (2nd Attempt)	૨,૪૫,૭૫,૨૭૧.૭૩	૧૮/૦૯/૨૦૨૬ ૧૮:૦૦ કલાક
૨.	Supply and Installation of Gym Equipment, Furniture and Fire-Fighting Works at Various Sports Complexes under the Sports Authority of Gujarat. 1. DSC-Navera, Dist. Valsad 2. TSC-Songadh, Dist. Tapi 3. TSC-Ahwa, Dist. Dang	૨,૨૬,૯૭,૫૯૪.૯	૨૫/૦૯/૨૦૨૬ ૧૮:૦૦ કલાક
૩.	Constrction of Taluka Library at Zagadiya, Dist : Bharuch (2nd Attempt)	૧,૭૯,૬૩,૭૬.૪૪	૧૮/૦૯/૨૦૨૬ ૧૮:૦૦ કલાક
૪	Constrction of Bhagwan Birsa Munda Goverment Taluka Library at Khergam, Dist : Navsari	૫,૫૫,૪૭,૮૨૧.૭૪	૨૫/૦૯/૨૦૨૬ ૧૮:૦૦ કલાક
૫	Constrction of Taluka Library at Vansda, Dist : Navsari (2nd Attempt)	૪,૮૧,૪૭,૨૫૦.૧૦	૧૮/૦૯/૨૦૨૬ ૧૮:૦૦ કલાક
૬	Constrction of Bhagwan Birsa Munda Goverment Taluka Library at Chikhli, Dist : Navsari	૬,૧૩,૮૭,૦૨૪.૦૬	૨૫/૦૯/૨૦૨૬ ૧૮:૦૦ કલાક

આ કામનું ટેન્ડર ડોક્યુમેન્ટ તથા અન્ય વિગતો https://tender.nprocure.com વેબસાઇટ ઉપર ઓનલાઈન જોઈ શકાશે. ફિઝીકલ ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ભરવાની મુદત ટેન્ડર ભરવાની છેલ્લી તારીખથી ચાલુ ત્રણ દિવસ સુધીમાં રસ ધરાવતી એજન્સીઓએ નીચે દર્શાવેલ સરનામા પર મોકલવાની રહેશે.

કામની વધુ વિગતો રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર, સેક્ટર-૧૩/બી., ઈ.વી.એમ. ઓફિસની બાજુમાં, પી.આઇ.યુ. શાખા, ૩જો માળનો રૂબરૂ સંપર્ક કરવાથી મળી શકશે.

સંપર્ક નં. ૯૯૭૪૩૭૧૧૭૮

સરનામું:
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત,
ટેન્ડર શાખા, ૨ જો માળ,
એડમિનિસ્ટ્રેટીવ બિલ્ડીંગ, સેક્ટર-૧૩/બી
ખ-૩ સર્કલ, વાવોલ રેલ્વે ક્રોસિંગની બાજુમાં, ઇ. વી. એમ. વેર હાઉસ પાસે,
ગાંધીનગર-382016

સચિવ
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત
ગાંધીનગર

(માહિતી/૧૩૪૨/૨૦૨૬-૨૭)